ઓશવાળ એસોસિએશન ઓફ ધી યુ.કે. નોર્થ ઈસ્ટ એરિયા

શ્રી પર્યુષણ મહા પર્વ શુક્રવાર શ્રાવણ વદ ૧૧ તા ૧૮ /૮/૨૦૧૭ થી ભાદરવા સુદ ૪. તા ૨૫ /૮ /૨૦૧૭

| **દિવસ – તારીખ - તિથિ** | **કલ્પસૂત્ર ૧૧.૦૦ /૨.૦૦** | પ્રતિક્રમણ **ઓશવાળ સેન્ટર** |
|---|---|---|
| શુક્રવાર ૧૮/૮/૨૦૧૭<br>શ્રાવણ વદ ૧૧<br>રંગ નારંગી / પીળો | અષ્ટાહનિકા પ્રવચન સવારે<br>United Reformed Church<br>૧૧.૦૦ /૨.૦૦ | ૬.૪૫ પ્રતિક્રમણ, આરતી મંગળ દીવો<br>ભક્તિ સાથે નાની નાટિકા |
| શનિવાર તા-૧૯/૮/૨૦૧૭. મહાવીર પંચ કલ્યાણક ની પુજા **ઓશવાળ સેન્ટરે.**<br>**સમય** પુજા શરુ થશે ૧૨.૦૦ વાગ્યે.<br>પૂજા માં ઉભવા નો નકરો છે £૨૫.૦૦<br>ત્યાર બાદ સાધર્મિક ભક્તિ / ભોજન છે. ૬.૦૦ વાગ્યે પ્રતિક્રમણ શરૂ થશે. ત્યાર બાદ આરતી મંગળ દીવો.<br>**<u>૮.૩૦ રાસ ગરબા ની રમઝટ શરૂ થશે બંસરી સંગીત મંડળી સાથે.</u>**<br>વસ્ત્ર: રંગ બે રંગી રંગના. આવો સૌ સાથે મળી ઉત્સવ મનાવીએ. | | |
| રવિવાર તા-૨૦/૮/૨૦૧૭<br>શ્રાવણ વદ ૧૪<br>રંગ, ગુલાબી | અષ્ટાહનિકા પ્રવચન સવારે<br>United Reformed Church<br>૧૧.૦૦ /૨.૦૦ | ૫.00 પ્રતિક્રમણ બાદ આરતી મંગળ દીવો<br>ક્વિઝ / અંતાક્ષરી |
| સોમવાર તા-૨૧/૮/૨૦૧૭<br>શ્રાવણ વદ ૦))<br>રંગ વાદળી | કલ્પસૂત્ર વાંચન સવારે<br>United Reformed Church<br>૧૧.૦૦ /૨.૦૦ | ૬.૪૫ પ્રતિક્રમણ બાદ આરતી મંગળ દીવો<br>ભક્તિ<br>કુમારપાળ મહારાજા ની આરતી નો ચડાવો થશે. |
| **મંગળવાર- તા૨૨/૮/૨૦૧૭ ઓશવાળ સેન્ટરે મહાવીર વાંચન નો કાર્યક્રમ બપોરે ૧.૩૦ શરૂ થશે**<br>**કલ્પસૂત્ર વાંચન, ૧૩ સ્વપ્ના ના લાભાર્થી સ્વપ્ના લાવશે.**<br>**પારણું ઝુલાવ વાનું તેમજ પોંખવા ની બોલી થશે**<br>**દરેક સ્વપ્ના ના નકરા છે £ ૨૫૧.૦૦. (૧૩ સ્વપ્ના).**<br>**લક્ષ્મી જી ના સ્વપ્ના નો નકરો છે, £ ૫૦૧.૦૦.**<br>**સહ પરિવાર સાથે વાજતે ગાજતે સ્વપ્ના લાવવા નો અવસર આવ્યો છે.**<br>**ત્યાર બાદ સાધર્મિક ભક્તિ/ ભોજન. સમય ફક્ત ૫.૦૦ થી ૬.૦૦.**<br>**સાધર્મિકો ને ભાવભર્યું આમંત્રણ છે. ૭.૧૫ પ્રતિક્રમણ પછી ભક્તિ ભાવના**<br>**સ્વપ્ના લેવાનાં લાભાર્થી થવા માટે વહેલો તે પહેલો.**<br>**સંપર્ક કરો :- તારાબેન રતીલાલ પતાણી ૦૨૦ ૮૮૮૬ ૪૪૦૦**<br>ભાદરવા સુદ ૧ વસ્ત્ર -- ઘરચોળા કે બાંધણી | | |
| બુધવાર તા-૨૩/૮/૨૦૧૭<br>ભાદરવા સુદ ૨<br>રાજા શાહીમાં સોભતા રંગ | કલ્પસૂત્ર વાંચન સવારે<br>United Reformed Church<br>૧૧.૦૦ /૨.૦૦ | ૬.૪૫ પ્રતિક્રમણ. પછી<br>**કુમારપાળ મહારાજા ની આરતી** |
| ગુરુવાર તા/૨૪-૮-૨૦૧૭<br>ભાદરવા સુદ ૩<br>રંગ લીલો | કલ્પસૂત્ર વાચન સવારે<br>United Reformed Church<br>૧૧.૦૦ /૨.૦૦ | **૬.૪૫ પ્રતિક્રમણ.**<br>આરતી, મંગળ દીવો<br>તપસ્વીઓ નું બહુમાન |
| શુક્રવાર તા/૨૫/૮/૨૦૧૭<br>ભાદરવા સુદ ૪<br>નાજુક રંગ | બારસાસૂત્ર વાંચન સવારે<br>United Reformed Church<br>૧૦.૦૦ ૧.૦૦ pm | **૪.૪૫ સંવત્સરી પ્રતિક્રમણ.**<br>ક્ષમાપન, ૧૦૮ દીવા ની આરતી |

## પર્યુષણ નો મહિમા

તહેવાર ના સરતાજ પર્વાધિરાજ પર્યુષણ આવ્યા અને રૂડા સંદેશાઓ લાવ્યા. પર માં થી ખસી સ્વ મા વસવા નો સંદેશો આવ્યો છે. પોતાના ભીતર સાથે વાતો કરવાની છે. કસાયો ને વિષયો નો ઉપશમ કરવાનો છે. ચૈતન્ય સ્વરૂપ આત્મા ને જગાડવા નો અવસર છે. ક્રોધ, માન માયા, ઈર્ષા અદેખાઈ સર્વ તજી શાસ્ત્રો નું શ્રવણ કરી અધ્યાત્મ માર્ગે આગળ વધવા ની કોશિશ કરવાની છે. જૈન કુળ માં જન્મ મળ્યો, અરિહંત, સિદ્ધ ની કૃપા મળી, ફક્ત જાતે સમજી ને જીવન ના ચોર્યાશી ના ફેરા ફરવા ના ટાળવા ના છે. તે કાર્ય ફક્ત મનુષ્ય ભવ માજ કરી શકાય છે. આવેલો મોકો વેડફાઈ ન જાય, સાવચેત બનીએ.

પર્વ પર્યુષણ દરમ્યાન કરવાના પાંચ કર્તવ્ય, અમારી પ્રવર્તન, સાધર્મિક ભક્તિ, ક્ષમા, અટ્ઠમ તપ, ચૈત્યપરિપાટ્ઠી. જીન શાસનમાં તપને સર્વ મંગળ માં પહેલું મંગળ કહ્યું છે. તેમાં છ બાહ્ય અને છ અભ્યંતર પ્રકાર દર્શાવ્યા છે. ભાવ તપ થી ભાવ રૂપી વિકાર જ શિકાર બની જાય છે. આત્મા ને નિર્મળ કરવા તપસ્યા સૌ થી મહાન પ્રભાવક છે, જ્ઞાન સાથે સમજી જાણી કરવાથી મહાન લાભ થાય છે.

જૈન ધર્મમાં ક્ષમાપના શબ્દો હોઠે થી નહીં પરંતુ હૈયે થી નીકળવાં જોઈએ. સાચા દિલ થી માંગેલી ક્ષમા, મોક્ષ માર્ગી બની શકે છે. અહંકાર તર્ક વગેરે ને હટાવી ને શુદ્ધ મન, ચિત થી માફી માંગી એ. ક્ષમા આપો કે લો ત્યારે હૃદય નિર્મળ ઝરણાં જેવું થઈ જાય છે. મનુષ્ય જો તેની આંતરિક સૃષ્ટિ માં એક નજર નાખે તો મૂલ્યવાન ખજાનો ત્યાં પડેલો જ છે.

ચૈત્ય પરિપાટ્ઠિ એ ગુરુ ભગવંતો એ સુંદર આયોજન કરેલ છે. દરેક દેરાસર માં તીર્થંકર ના દર્શન કરતી વેળાએ હૃદય માં સ્થિત ભાવ જ પરમાત્મા સાથે મિલન કરાવે છે. એકાદ ઘડીએ દિલમાં ઉદભવેલો ભાવ કોટિ કર્મો ને ખપાવી દે છે. પ્રભુ પ્રતિમા ઉપર જળ ની ધારા વહેતી હોય, સાથે બૃહત શાંતિ ના મહા મુલ્ય સૂત્રો ની ધારા વહેતી હોય ત્યારે જાણે સાક્ષાત પ્રભુ બિરાજમાન છે ને સંકેત કરે છે, માનવ ભવ એળે ન જાય. ભાગ્ય યોગે જો પ્રભુ ના કલ્યાણક ની પાવન ભૂમિને સ્પર્શ કરવા મળે તો જીવન ધન્ય બની જાય.

૧ (Kalpsutra Vanchan at United Reformed Church, Fox Lane, Palmers Green, London N4 13AL.

**£. ૩૦.૦૦, મહાવીર સ્વામી જન્મ મહોત્સવ ના સાધર્મિક ભોજન ના સહભાગી થવાનો લાભ લેવા ચૂકશો નહીં**

**£ ૩૦.૦૦, મહાવીર પંચ કલ્યાણક ની પુજા ના દિવસે સાધર્મિક ભક્તિ કરાવી પુણ્યનું ભાતું બાંધો.**

**શુક્રવારે નાની નાટિકા ભજવવા માટે પાત્રો ની જરૂર છે. આપના નામ જણાવવા સંપર્ક કરો**
**પુષ્પાબેન જેન્તીલાલ, મયુરીબેન બકુલ, દીપતિબેન પ્રબોધ.**

પર્વ દરમ્યાન ફક્ત શનિવારે તા/ ૧૯/૮/૨૦૧૭ ના ઘર બાર વગરના લોકો માટે ફૂડ બેન્ક રાખવામાં આવી છે. તેમાં ટીન નો ખોરાક, બિસ્કિટ ટોઇલેટ રોલ, શેમ્પુ વગેરે ભેગું કરવા માં આવશે. ફૂડ બેંક માં ભેગી થયેલ સામગ્રી ઘર બાર વગરના લોકો માટે પેક કરીને પહોચ્ચતી કરવા સ્વયં સેવકો ની ખાસ જરૂર છે. સેવાનું આ કાર્ય છે.

પર્વ દરમ્યાન તપોવન થી અનુભવી ક્રિયા કાર અને સંગીતકાર યુવાનો આરાધના કરાવવા પધારશે.
પર્વ દરમ્યાન સ્વયં સેવકો ની ખાસ જરૂર છે. આપના નામ જરૂર પાછળ ટેબલ પર લખાવવા વિનંતી.
આપના સાથ અને સહકારથી પર્વને દીપવીએ.

જાણતા અજાણતા અમે કોઈ નું દિલ દુભવ્યૂ હોય તો, અંત કરણ પૂર્વક સૌ પાસે ક્ષમા માંગી એ છીએ. સંજોગો વશાત્ કાર્યક્રમ માં ફેર કરવાની જરૂર પડશે તો કાર્યવાહી કમિટી ઘટતું કરશે.

**નોર્થ ઈસ્ટ એરિયા કમિટી વતી સૌ ને " મિચ્છામી દુક્કડં".**

તારાબેન રતીલાલ પતાણી